**કામિની દોષી**
**કાર્યપાલક ઈજનેર**

સુરત મહાનગરપાલિકા
નોર્થ ઝોન (કતારગામ)

નં.એનઝેડ/આ./ન.૮૧૨૫
તા.૦૯/૦૯ /૨૦૨૫

પ્રતિ,
ઈજારદારશ્રી
..............................
..............................

વિષય :- નોર્થઝોન ( કતારગામ) વિસ્તાર માં આવેલા જુદા જુદા ગાર્ડન તેમજ ખુલ્લા પ્લોટોમાં વૃક્ષારોપણ કરવાનું કામ.

સંદર્ભ :- (૧) એડી.સીટી.ઈજનેરશ્રી તા.૦૨/૦૯/૨૦૨૫ ની મંજુરી.

મહાશય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલા જુદા જુદા ગાર્ડન તેમજ ખુલ્લા પ્લોટોમાં મેગા પ્લાન્ટેશન ડ્રાઈવ હેઠળ વૃક્ષારોપણ કરવાનું કામેં કુલ રૂ.૫,૦૦,૦૦૦.૦૦ પૈ ની મર્યાદામાં કામગીરી કરવા જો સહમત હોય તો નીચે દર્શાવેલ ભાવપત્રકમાં ભાવ ભરી રૂ.૫૦૦૦/- ની બાનાની રકમના મેં.કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકા નામનો ડીમાંડ ડ્રાફ્ટ સહિતનું સંમતિ પત્ર, સમાન પ્રકારના કામના અનુભવના પ્રમાણપત્ર આપની લેખિત સંમતિ / ભાવપત્રક સીલબંધ કવરમાં કવર ઉપર વિષયમાં જણાવેલ કામ નું નામ લખી શરતોમાં જણાવેલ જરૂરી પુરાવા / કાગળો સાથે નીચે સહી કરનારની કચેરીએ તા.૧૭/૦૯/૨૦૨૫ સુધી મોકલી આપવા વિનંતી.

**ભાવપત્રક**

| અ.નં. | વિગત | યુનિટ | ભાવ (રૂ.) | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | મશીનરી દ્વારા ૧' (એક ફૂટ) ખાડો ખોદી પ્લાન્ટેશન કરવાનો ભાવ | ૧ નંગ | | |
| ૨. | મશીનરી દ્વારા ૨' (બે ફૂટ) ખાડો ખોદી પ્લાન્ટેશન કરવાનો ભાવ | ૧ નંગ | | |

ઈજારદાર નો સહી તેમજ સિક્કો

**S.D/-**
**કાર્યપાલક ઈજનેર**
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

**-: શરતો :-**

(૧) અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ કમિશ્નર શ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડ્યુલ બેંકમાં ડીમાંડ ડ્રાફ્ટ/પે ઓર્ડર થી સંમતિ / ભાવપત્રક સાથે રૂ.૫,૦૦૦/- ની આપવાની રહેશે.

(૨) ઈજારદારે રજીસ્ટ્રેશન / સંસ્થાનું નોંધણી પત્રકની પ્રમાણિત નકલ સંમતિ પત્રક સાથે આપવાની રહેશે.

(૩) ઈજારદારે પૂર્ણ કરેલ સમાન કામના / અનુભવના સર્ટીફીકેટ (FORM-૩A) / વર્કઓર્ડરની પ્રમાણિત નકલ સંમતિ પત્રક સાથે આપવાની રહેશે.

(૪) ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણિત નકલ અને પાનકાર્ડ રજુ કરવાનું રહેશે.

(૫) આવેલ પત્રકો પૈકી કોઈપણ એક અથવા બધાજ સંમતીપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

(૬) તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહશે.

(૭) સદરહુ ભાવપત્રકમાં ભરવામાં આવેલ ભાવ પત્રક પ્રમાણે મહતમ રૂ.૫,૦૦,૦૦૦/-( પાંચ લાખ)ની મર્યાદા સુધીજ કામગીરી સોપવામાં આવશે.

(૮) ભાવપત્રક મંજુર થયેથી ભાવપત્રક રકમ ૨ % લેખે ઇન્સીયલ SD રોકડા / પે ઓર્ડર થી ભરવાના રહેશે તેમજ રૂ,(૩૦૦+૩૦૦+૩૦૦)ના સ્ટેમ્પ પેપર પર કરારનામું,સ્યોરીટી અને અન્ડરટેકીંગ કરવામાં આવશે.

(૯) ક્વોટેસન ભરેલ કોન્ટ્રાકટરો પૈકી અન્ય કોઈપણ કોન્ટ્રાક્ટને પણ આ ભાવે કામ આપવામાં આવેતો બીજા માન્ય કોન્ટ્રાક્ટરો વાંધો લઈ શકશે નહિ.

(૧૦) ઈજારદારે ઉપરોક્ત દર્શાવેલ પત્રક - "અ" માં દર્શાવ્યા મુજબના ભાવ આપના લેટરપેડ પર તા.૧૭/૦૯/૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં કવરની ઉપર વિષય લખી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહશે.